# Telephone Conversation between PM and Prime Minister of Sweden

April 07, 2020

## વડાપ્રધાન અને સ્વીડનનાં વડાપ્રધાન વચ્ચે ટેલીફોન પર વાતચીત

એપ્રિલ 07, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સ્વીડનનાં વડાપ્રધાન મહામહિમ સ્ટેફન લોફ્વેન સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી.

બન્ને નેતાઓએ ચાલુ કોવિડ-19 મહામારી પર અને તેની આરોગ્ય પરની અને આર્થિક અસરોનાં નિયંત્રણ માટે તેઓનાં સંબંધિત દેશોમાં લેવામાં આવી રહેલા પગલાઓ પર ચર્ચા કરી હતી.

બન્ને નેતાઓ ભારતીય અને સ્વીડિશ સંશોધકો વચ્ચે સંભવિત જોડાણ અને ડેટા શેરિંગ પર સંમત થયા હતા, જે કોવિડ-19 સામેનાં વૈશ્વિક પ્રયાસોમાં પણ યોગદાન આપશે.

બન્ને નેતાઓએ ચાલુ યાત્રા નિયંત્રણોને કારણે ફસાયા હોય તેવા એકબીજાનાં નાગરિકોને જરૂરી સુવિધાઓ અને સહાયતા પ્રદાન કરવાનું વચન આપ્યા હતા.

તેઓ એ બાબત સાથે પણ સંમત થયા હતા કે કોવિડ-19 સામે લડવા માટે તબીબી પૂરવઠાઓની પર્યાપ્ત ઉપલબ્ધતા માટે તેઓનાં અદિકારીઓ સંપર્કમાં રહેશે.

**નવી દિલ્હી**
**એપ્રિલ 07, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.